પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
વિધ્યા સહાયક યોજના
તાલિમિ સ્નાતકની ભરતી બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય ગાંધીનગર

ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
તારીખઃ-૫-૬-૨૦૦૪
- 5 JUN 2004

સંદર્ભ :-

૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
૩. શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૪. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૫. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૬. શિક્ષણ વિભાગનો તા. ૧-૧૦-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૭. શિક્ષણ વિભાગનો તા. ૧૨-૨-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક

ઠ રા વ

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. સંદર્ભ (૭) માં જણાવેલ ઠરાવથી તાલીમી સ્નાતકની જોગવાઇ દાખલ કરવામાં આવી છે. તેના અનુસંધાને સરકાર વિધ્યાસહાયકની ભરતી માટે નીચે મુજબની લાયકાત અને નિયમો ઠરાવે છે.

(૧) ગુજરાત રાજયમાં આવેલી માન્ય યુનીવર્સીટીની તાલીમી સ્નાતકની લાયકાત માન્ય લાયકાત ગણાશે.
(૨) વિધાસહાયકની ભરતી માટે નીચે જણાવેલ લાયકાત તાલીમી સ્નાતકની લાયકાત ગણાશે.
(ક) બેચલર ઓફ ફીઝીકલ એજયુકેશન (બીપીએડ)
(ખ) ડીપ્લોમાં બેઝીક એજયુકેશન (ડીબીએડ)
(ગ) ડીપ્લોમા ફીઝીકલ એજયુકેશન (ડીપીએડ)
(૩) રીજીયોનલ કોલેજ ઓફ ભોપાલ અને ઇંદીરા ગાંધી ઓપન યુનીવર્સીટીના તાલીમી સ્નાતકની લાયકાત માન્ય લાયકાત ગણાશે. પરંતુ સ્નાતકની લાયકાત ગુજરાત રાજયમાં આવેલી માન્ય યુનીવર્સીટીની હોવી જોઇશે.
(૪) એસએનડીટી મહિલા યુનીવર્સીટીની ગુજરાત રાજયમાં આવેલી સંસ્થાઓની તાલીમી સ્નાતકની લાયકાત માન્ય લાયકાત ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

ઉલટાવો ⇨ ૨...